ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
મંગળવાર ૩ ફેબ્રુઆરી, ૨૦૨૬

# આસપાસ ચોપાસ

આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!

## આધ્યાત્મિકતાનો ઉજાસ : પઢિયારમાં સાવન કૃપાલ રુહાની મિશન દ્વારા માનવતાની સેવા



પઢિયાર ગામ આજે આધ્યાત્મિક જાગૃતિનું મુખ્ય કેન્દ્ર બની રહ્યું છે જેનું શ્રેય અહીં કાર્યરત સાવન કૃપાલ રુહાની મિશનના આશ્રમને જાય છે. આ મિશનના પરમ સંત અને વિશ્વભરના લાખો લોકોના માર્ગદર્શક એવા સંત રાજેન્દ્ર સિંહ જી મહારાજના પથદર્શન હેઠળ અહીં આસપાસના અંદાજે ૫૫ જેટલા ગામોના શ્રદ્ધાળુઓ ગુરુ ભક્તિના રંગે રંગાય છે. ગામના અને પંથકના લોકો સંત રાજેન્દ્ર સિંહ જી મહારાજને પોતાના આરાધ્ય ગુરુ માને છે અને આ આશ્રમમાં દર રવિવારે યોજાતા વિશેષ સત્સંગમાં આત્મિક શાંતિ માટે મોટી સંખ્યામાં ઉમટી પડે છે. ગુરુ પૂર્ણિમા જેવા વિશેષ પર્વો પર અંદાજે ૪૦૦૦થી વધુ ભક્તો સત્સંગ અને ધ્યાનનો લાભ લેવા પઢિયાર પધારે છે. ગુરુદેવ દ્વારા આપવામાં આવતા જ્ઞાનનો લાભ લઈને લોકો વ્યસન મુક્તિ તેમજ સત્ય અને અહિંસાના માર્ગ તરફ વળવાનો સંકલ્પ કરે છે. સામાજિક સેવામાં પણ આ મિશન અગ્રેસર રહે છે જે પઢિયાર ગામના વાતાવરણને પવિત્ર અને પ્રગતિશીલ બનાવવામાં મહત્વનું યોગદાન આપે છે.

## રમણીય તળાવ પઢીયાર ગામના લોકો માટે રોજીંદા જીવનનો મહત્વનો હિસ્સો છે

પઢિયાર ગામની શોભામાં વધારો કરતું વિશાળ સીમ તળાવ ગામની પ્રાચીન ધરોહર સમાન છે. આ તળાવ માત્ર જળસ્ત્રોત નથી પણ આધ્યાત્મિક આસ્થાનું કેન્દ્ર પણ છે. તળાવને અડીને જ પવિત્ર મહાદેવનું મંદિર અને કુંવરકા માતાનું મંદિર આવેલું છે. અહીં વર્ષો



જૂની એક સુંદર સામાજિક પરંપરા આજે પણ જીવંત છે; ગામમાં જ્યારે પણ નવદંપતી લગ્ન કરીને આવે છે ત્યારે તેઓ ફરજિયાતપણે કુંવરકા માતાના ચરણોમાં શીશ નમાવવા આવે છે. નવદંપતી પોતાના લગ્નમાં બાંધેલા છેડા-છેડી અહીં છોડે છે અને મીંઢળ ઉતારી માતાજીના આશીર્વાદ મેળવે છે. તળાવનો કિનારો ગ્રામીણ જીવનનો એક મહત્વનો હિસ્સો છે. અહીંના શુદ્ધ વાતાવરણમાં વડીલો અને મિત્રો સાંજ-સવાર એકત્ર થઈને વાતોના ગપાટા મારે છે અને સામાજિક સુખ-દુઃખ વહેંચે છે. જોકે, હાલમાં આ તળાવ જળકુંભીની વેલાઓ અને આસપાસ ઉગી નીકળેલા ઝાંખરાઓથી ઘેરાયેલું છે જેના કારણે તેનું સૌંદર્ય દબાઈ રહ્યું છે. રસપ્રદ વાત એ છે કે આ તળાવમાં મગરોનો પણ વસવાટ છે જે ક્યારેક કિનારા સુધી લટાર મારવા આવી પહોંચે છે. જો ગ્રામ પંચાયત અને સરકાર આ તળાવની સાફ-સફાઈ અને બ્યુટિફિકેશન માટે સહયોગ આપે તો ગામના લોકો માટે વિસામો લેવા અને માનસિક શાંતિ અનુભવવા માટે આ એક શ્રેષ્ઠ અને આહલાદક સ્થળ બની શકે તેમ છે.



## પ્રકૃતિ, પરંપરા અને પુરુષાર્થનો ત્રિવેણી સંગમ ધરાવતું અનોખું ગામ

# પઢીયાર

# પ્રાકૃતિક સૌંદર્ય અને આધ્યાત્મિક વારસાને હૈયે સંઘરીને બેઠેલું પઢિયાર ગામ તેના ચાર જેટલા મુખ્ય મુવાડાઓ સાથે એક વિશાળ જનસમૂહનું પ્રતિનિધિત્વ કરે છે




પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકામાં વાંસડી નદી અને વિશાળ તળાવના રમણીય કિનારે વસેલું પઢિયાર ગામ આજે વિકાસની નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે. પ્રાકૃતિક સૌંદર્ય અને આધ્યાત્મિક વારસાને હૈયે સંઘરીને બેઠેલું આ ગામ તેના ચાર જેટલા મુખ્ય મુવાડાઓ સાથે એક વિશાળ જનસમૂહનું પ્રતિનિધિત્વ કરે છે. પઢિયારની સૌથી મોટી વિશેષતા અહીંનો સામાજિક તાંતણો છે; અહીં તમામ જ્ઞાતિ અને સમુદાયના લોકો પરસ્પર ભાઈચારા અને સંપથી રહીને એકતાના દર્શન કરાવે છે.

**તમામ જ્ઞાતિ અને સમુદાયના લોકો પરસ્પર ભાઈચારા અને સંપથી રહીને એકતાના દર્શન કરાવે છે**

ગામના ભૌતિક વિકાસની વાત કરીએ તો, આજે પઢિયારના તમામ ફળિયાઓ પેવર બ્લોકથી સજ્જ થઈ આધુનિક રૂપ ધારણ કરી ચૂક્યા છે. વાંસડી નદીના પવિત્ર તટે બિરાજતા બળિયાદેવ અને પરંપરાગત મહાદેવના મંદિરો તેમજ સીમમાં આવેલું વિશાળ તળાવ ગામની આધ્યાત્મિક અને નૈસર્ગિક ઓળખને વધુ ગાઢ બનાવે છે. મુખ્યત્વે ખેતી અને પશુપાલન પર નિર્ભર પઢિયારના ગ્રામજનો મહેનત અને પુરુષાર્થ દ્વારા પોતાનું જીવન ગુજરાન ચલાવે છે. ખેતીની સાથે સાથે પશુપાલનનો વ્યવસાય ગામના અર્થતંત્રમાં મહત્વનો ભાગ ભજવે છે.

શિક્ષણના ક્ષેત્રમાં ગામ હજુ પ્રગતિના પંથે છે. જોકે ભૂતકાળની સરખામણીએ પરિવર્તન પવન ફૂંકાતા શિક્ષણના સ્તરમાં ઉત્તરોત્તર સુધારો જોવા મળ્યો છે. છતાં નવી પેઢી માટે ઉચ્ચ શિક્ષણની આવશ્યકતા હજુ પણ વર્તાઈ રહી છે. સુવિધાઓની દ્રષ્ટિએ ગામ આત્મનિર્ભર છે; અહીં ગ્રામ પંચાયત, 3 પ્રાથમિક શાળા હાઈસ્કૂલ, બેંક ઓફ બરોડા અને પોસ્ટ ઓફિસ જેવી અનિવાર્ય સેવાઓ ગ્રામજનોના આંગણે ઉપલબ્ધ છે. ગામના જાગૃત નાગરિકો અને અનુભવી વડીલોના સતત પ્રયાસો તેમજ સરકારના સહયોગથી પઢિયાર આજે વિકાસ તરફ મક્કમ ડગ માંડી રહ્યું છે. પરંપરાગત મૂલ્યો અને આધુનિક સવલતોના સમન્વય સાથે પઢિયાર ગામ પંચમહાલના નકશા પર એક પ્રગતિશીલ ગામ તરીકે ઉભરી રહ્યું છે.

## પઢિયારનું ગૌરવ : આકાશવાણી ગોધરાના યુવવાણી કાર્યક્રમમાં ગુંજ્યો યુવા લેખકનો અવાજ

પઢિયાર ગામના આંગણેથી ઉદિત થયેલી નવી સાહિત્યિક પ્રતિભા આશિષ બારીઆએ પોતાની લેખનકળા અને વક્તવ્યથી શ્રોતાઓના દિલ જીતી લીધા છે. પ્રાથમિક શાળાના અભ્યાસકાળથી જ કંઈક નવું શીખવાની જિજ્ઞાસા સાથે કલ્પનાશીલ વાર્તાઓ લખવાનો પ્રારંભ કરનાર આશિષની કલાને શિક્ષક રાજેન્દ્ર પરમારે ઓળખીને તેમને આકાશવાણીના મંચ સુધી પહોંચાડ્યા હતા. આ તબક્કે સાહિત્યકાર અને કવિ ડૉ. મહેન્દ્ર પરમારના માર્ગદર્શન હેઠળ અનેક રાષ્ટ્રીય સેમિનારોમાં સહભાગી થઈ સાહિત્ય ક્ષેત્રે નવા આયામો પ્રસ્થાપિત કરનાર આશિષ બારીઆનો વાર્તાલાપ તાજેતરમાં આકાશવાણી ગોધરા કેન્દ્ર પરથી યુવવાણી કાર્યક્રમ અંતર્ગત પ્રસારિત થયો હતો. FM 102.2 પર 'યુવવાણી' કાર્યક્રમ અંતર્ગત ખિસ્સા ખર્ચી અને યુવાનો વિષય પર રજૂ થયેલ ગહન અને ચિંતનશીલ વાર્તાલાપમાં આજના ડિજિટલ યુગમાં યુવાનોના ખિસ્સામાં



રહેલી ખિસ્સા ખર્ચી, ઓનલાઇન પેમેન્ટની આદતો અને સોશિયલ મીડિયાની દેખાદેખી પાછળ છુપાયેલા જોખમો વિશે સચોટ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.વાર્તાલાપ દરમિયાન તેમણે શું ખિસ્સા ખર્ચી યુવાનને આત્મનિર્ભર બનાવે છે કે કોઈ સંકટમાં ધકેલે છે?" તેવા પાયાના પ્રશ્નોની તાર્કિક છણાવટ કરી હતી. જે વાલીઓ માટે પણ આંખ ઉઘાડનારી સાબિત થઈ હતી. આ વાર્તાલાપ યુવાનોનો પૈસા જોવાનો નજરિયો બદલાઈ શકે તેવું પ્રેરણારૂપ વક્તવ્ય રજૂ થયું હતું.

## ડિજિટલ પઢિયાર: ઘર આંગણે ટેક્નોલોજી અને સુવિધાઓનો સંગમ

પઢિયાર ગામ આજે આધુનિક ટેક્નોલોજીના યુગમાં મક્કમ ડગ માંડી રહ્યું છે. જેમાં ગામના બે જાગૃત યુવાનો પાયાની ભૂમિકા ભજવી રહ્યા છે. પંચાયતના વી.સી.ઈ. ઓપરેટર વનરાજસિંહ પરમાર ગ્રામજનો માટે ડિજિટલ સેતુ બન્યા છે. તેઓ આવકના દાખલા, ખેતીલક્ષી સહાય અને વિવિધ સરકારી યોજનાઓની કામગીરી ગામમાં જ કરી આપીને લોકોનો કિંમતી સમય અને નાણાં બચાવે છે. જેથી ગ્રામજનોને હવે સરકારી કચેરીઓમાં દૂર સુધી જવું પડતું



નથી.

આ જ રીતે, ગામના હર્ષદભાઈ પરમાર કોમન સર્વિસ સેન્ટર (CSC) ના માધ્યમથી આયુષ્માન કાર્ડ, ઈ-શ્રમ કાર્ડ, ઓનલાઇન ફોર્મ અને નાણાકીય લેવડ-દેવડ જેવી પાયાની સેવાઓ પૂરી પાડી રહ્યા છે. આ બંને યુવાનોના



નિષ્ઠાપૂર્વકના પ્રયાસોને કારણે સરકારી યોજનાઓના લાભો હવે છેવાડાના માનવી સુધી આસાનીથી પહોંચી રહ્યા છે. આ ડિજિટલ સુવિધાઓ પઢિયારને ખરા અર્થમાં એક આધુનિક અને સુવિધાયુક્ત ગામ બનાવવામાં મહત્વનું યોગદાન આપી રહી છે.

## પાનમ કેનાલના નીરથી પઢિયારમાં હરિયાળી ખેતી અને પશુપાલન સમૃદ્ધિનો મુખ્ય આધાર





પઢિયાર ગામના ગ્રામજનો માટે ખેતી અને પશુપાલન માત્ર વ્યવસાય નહીં પણ જીવન નિર્વાહની મુખ્ય આધારશિલા છે. અહીંના મહેનતુ ખેડૂતો મુખ્યત્વે ચોમાસામાં ડાંગરના પાક પર વિશેષ ભાર મૂકે છે જેની સાથે પશુઓ માટે પૂરતો ઘાસચારો પણ ઉગાડવામાં આવે છે. ડાંગર ઉપરાંત ઘઉં, મકાઈ અને બાજરી જેવા વિવિધ પાકોથી પઢિયારની સીમ બારેમાસ લહેરાતી રહે છે. ગામની આ આર્થિક સમૃદ્ધિમાં પાનમ સિંચાઈ યોજના એક આશીર્વાદરૂપ સાબિત થઈ છે. ગામમાંથી પસાર થતી મોટી અને નાની કેનાલો દ્વારા પાનમ ડેમનું પાણી ઢાડીયા મારફતે છેક ખેડૂતોના ખેતર સુધી પહોંચાડવામાં આવે છે. સિંચાઈની આ મજબૂત સુવિધાને કારણે ખેતી વધુ નફાકારક બની છે જેનાથી થતી આવક દ્વારા પરિવારો માત્ર પોતાનું ગુજરાન જ નથી ચલાવતા, પરંતુ સામાજિક પ્રસંગોના ખર્ચ માટે પણ ખેતી પર જ નિર્ભર રહીને સુખદ આયોજન કરી શકે છે. વધુમાં, પાકની લણણી બાદ વધતા ઘાસનો સંગ્રહ પશુઓ માટે કરવામાં આવે છે. જે પશુપાલન વ્યવસાયને વધુ સધ્ધર બનાવે છે.